# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 05-12-2025 Day: Friday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **અશરફ નથવાણી** વાંચે છે.

---

## કેન્દ્રીય ગૃહ અને સહકારમંત્રી:

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે આજે જણાવ્યું હતું કે સરકાર સહકારી ક્ષેત્રનો વ્યાપ વધારવા માટે અવિરતપણે કામ કરી રહી છે અને ટૂંક સમયમાં દેશભરમાં સહકારી ટેક્સી, સહકારી વીમો અને સહકારી વચ્ચે સહકાર પ્રોજેક્ટ જેવી પહેલો શરૂ કરશે. ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે નાબાર્ડ-IAMAI અર્થ સમિટ 2025 ના ઉદ્ઘાટન સત્રને સંબોધતા, તેમણે આ મુજબ જણાવ્યું કે ગ્રામીણ અર્થતંત્રને મજબૂત કર્યા વિના વિકસિત ભારતનું સ્વપ્ન શક્ય બનશે નહીં. તેમણે ભાર મૂક્યો કે સહકારી ક્ષેત્રનો વિકાસ આપમેળે ગ્રામીણ અને કૃષિ વિકાસને સુનિશ્ચિત કરશે.

ઉલ્લેખનીય છે કે, આ બે દિવસીય અર્થ સમિટ 'વૈશ્વિક પરિવર્તન માટે ગ્રામીણ નવીનતાનું સશક્તિકરણ' થીમ પર કેન્દ્રિત છે.

---

## વાયુસેના-એરમાર્સલ:

ભારતીય વાયુસેનાના દક્ષિણ પશ્ચિમ હવાઈ કમાન્ડના એર માર્શલ નાગેશ કપૂરે દેશ માટે વ્યૂહાત્મક મહત્વ ધરાવતા નલિયા એરફોર્સ સ્ટેશનની મુલાકાત લીધી હતી. તેમણે જવાનોને સંબોધન કર્યું હતું તેમજ ઓપરેશનલ તૈયારીઓની સમીક્ષા કરી રાષ્ટ્રીય સુરક્ષા માટે તાલીમ, ટેકનોલોજીકલ એકીકરણ અને નાગરિક લશ્કરી સંપર્કના મહત્વ પર ભાર મૂક્યો હતો.

એર માર્શલ કપૂરે એરમેન અને અધિકારીઓની કામગીરી, શિસ્ત અને સજ્જતાની સરાહના કરી હતી.

---

## આદિપુર શાક માર્કેટ:

ગાંધીધામ  મહાનગરપાલિકા દ્વારા 1 કરોડ 65 લાખ રૂપિયાના ખર્ચે આદિપુરની અદ્યતન શાક માર્કેટ બનાવવામાં આવશે.

આદિપુરમાં ચાર દાયકાથી 80 લાઈન વિસ્તારમાં શાક માર્કેટ કાર્યરત છે. ગંદકી અને રખડતા ઢોરોના જમાવડા વચ્ચે શાકભાજી ખરીદવા આવતા લોકો લોકોને મુશ્કેલી થતી હોવાથી આ જગ્યાએ નવી શાક માર્કેટ બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. મળતી વિગતો મુજબ, નવી શાક માર્કેટનો પ્લાન તૈયાર થઇ ગયો છે. ટેન્ડર પ્રક્રિયા પુર્ણ થયા બાદ તાત્કાલિક નિર્માણ કાર્ય પણ શરૂ કરાશે. અનેક સુવિધાઓથી સભર આ શાક માર્કેટનું નિર્માણ થયા બાદ નગરજનોની વર્ષો જુની માંગ સંતોષાઇ જશે.

-----------------------------------------------------------------------------------------------

## એન્ટી-ગ્લેર સ્ક્રીન:

ગાંધીધામમાં ટાગોર રોડ પર વધતા અકસ્માતોને રોકવા માટે માર્ગ અને મકાન વિભાગ દ્વારા રસ્તાના  મધ્ય ભાગમાં એન્ટી-ગ્લેર સ્ક્રીન લગાવવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. આ સ્ક્રીન સામેથી આવતાં વાહનોની હેડલાઈટનો તેજ પ્રકાશ આંખોમાં પડતો અટકાવે છે, તેનાથી ડ્રાઇવરો સલામત રીતે વાહનો ચલાવી શકે છે અને રોડ અકસ્માતોનું જોખમ પણ ઘટે છે.

-----------------------------------------------------------------------------------------------

## RTO:

પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી ભુજ દ્વારા ડિસેમ્બર-૨૦૨૫ માસના નોન ટ્રાન્સપોર્ટ વાહનોના રી-રજિસ્ટ્રેશન તથા નોન ટ્રાન્સપોર્ટ વાહનોના સી.પી.આઈ કરાવવા માટે કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

જે અંતર્ગત ૧૮ ડિસેમ્બરે નલિયા ખાતે, ૧૯મી એ નખત્રાણા તથા દયાપરમાં કેમ્પ યોજાશે તેવું ઈન્ચાર્જ પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી ભુજની અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

---------------------------------------------------------------------------------------------

## કચ્છના જમીન મહેસુલના પ્રશ્નો:

કચ્છના વર્ષો જુના જમીન મહેસુલના પ્રશ્નોના નિરાકરણ માટે ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સમક્ષ ભુજના ધારાસભ્ય કેશુભાઇ પટેલની આગેવાની હેઠળના પ્રતિનિધિમંડળે રજૂઆત કરી હતી. મુખ્યમંત્રીએ આ પ્રશ્નોનું નિરાકરણ લાવવા ઉચ્ચ અધિકારીઓને સૂચના પણ આપી હતી.

પ્રતિનિધિમંડળે મુખ્યત્વે જમીન માપણી વધારવા, નવી જૂની શરત તબદીલી સહિતની રજૂઆત કરી હતી. મુખ્યમંત્રીએ મહેસુલ સચિવ જયંતિ રવિને પણ આ અંગે વાકેફ કરતા મહેસુલ સચિવે કચ્છ કલેક્ટર આનંદ પટેલને મહેસુલી મુદ્દે અભ્યાસ કરીને નિર્ણય માટે પ્રક્રિયા હાથ ધરવા જણાવ્યું છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જરૂર પડયે માપણી તેમજ અન્ય જટિલ મુદ્દે ગાંધીનગરથી ઉચ્ચ કક્ષાની ટીમ પણ મોકલવામાં આવશે તેવી હૈયાધારણ પણ પ્રતિનિધિમંડળને આપી હતી.

---------------------------------------------------------------------------------------------

## બુલેટીનના સમયમાં ફેરફાર:

અગત્યની જાહેરાત:

આકાશવાણી ભુજ પરથી પ્રસારિત થતું સવારનું બુલેટિન અને પ્રાસંગિક હવે  આગામી ૭ ડિસેમ્બર થી નવા સમયે રજૂ થશે.

સમાચાર બુલેટિન સવારે ૬ વાગીને ૫૦ મિનિટને બદલે ૭ વાગીને ૪૦ મિનિટ અપાશે જ્યારે  પ્રાસંગિક ૬ ને ૪૫ ને બદલે ૦૭ વાગીને ૩૫ મિનિટે પ્રસારિત થશે.

---------------------------------------------------------------------------------------------

## ગાંધીધામ મહાનગર પાલિકા:

ગાંધીધામમાં ટાગોર રોડ પર વધતા અકસ્માતોને રોકવા માટે માર્ગ અને મકાન વિભાગ દ્વારા રસ્તાના  મધ્ય ભાગમાં એન્ટી-ગ્લેર સ્ક્રીન લગાવવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. આ સ્ક્રીન સામેથી આવતાં વાહનોની હેડલાઈટનો તેજ પ્રકાશ આંખોમાં પડતો અટકાવે છે, તેનાથી ડ્રાઇવરો સલામત રીતે વાહનો ચલાવી શકે છે અને રોડ અકસ્માતોનું જોખમ પણ ઘટે છે.

---------------------------------------------------------------------------------------------

## રેડિયો નાટ્ય કલાકાર ધનસુખભાઈ ધોળકીયાનું અવસાન:

આકાશવાણી ભુજના વરસો જુના  માન્ય રેડિયો નાટ્ય કલાકાર અને નિયમિત શ્રોતા ધનસુખ ભાઈ ધોળકીયાનું આજે ભુજ ખાતે અવસાન થયું છે. તેમની વય 94 વર્ષની હતી. તેઓ આજીવન શિક્ષક હતા.  આકાશવાણી ભુજ પરિવારે તેમને શ્રદ્ધાંજલિ પાઠવી છે.

---------------------------------------------------------------------------------------------

## હવામાન:

જીલ્લામાં ઠંડીનો પ્રભાવ યથાવત રહ્યો છે. આજે પણ નલિયા રાજ્યનું સૌથી ઠંડું શહેર બન્યું હતું, જ્યાં લઘુતમ તાપમાન 11.6 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. જયારે, જિલ્લા મથક ભુજમાં લઘુતમ તાપમાન 14.6 ડિગ્રી સેલ્સિયસ રહ્યું હતું.

જિલ્લાના અન્ય વિસ્તારો જેવા કે અંજાર અને ગાંધીધામમાં પણ ઠંડીની વધઘટ જોવા મળી રહી છે. ખાસ સવાર-સાંજ ટાઢકનો અનુભવ થઇ રહ્યો છે. છેલ્લા કેટલાક દિવસોથી વાતાવરણમાં જોવા મળતી ધૂંધળાશ ઘટતાં તડકાનો પ્રભાવ પણ વધ્યો છે. હવામાન વિભાગે આગામી દિવસો દરમિયાન તાપમાનમાં કોઈ મોટા ફેરફારની સંભાવના નકારી કાઢી છે, જેથી ઠંડીનું આ પ્રમાણ જળવાઈ રહેશે.

---------------------------------------------------------------------------------------------